૪,૯૨૩

તમામ જાતના પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર.

सारस्वत अने लूवाणा ने ब्रह्म क्षत्रीनी उत्पती.

સંગ્રહ કરનાર

જોશી ભીખારામ શવજી કનૈયા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ઠકર. મુળજી હરખજી વાઘાણી,

ભાવનગર.

આવૃતી પેહેલી. પ્રત બે હજાર.

સર્વે હક સંગ્રહ કરનાર તથા પ્રસિદ્ધ કરનારને તાબે છે.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી.

સને ૧૮૯૧ સંવત ૧૯૪૭

કીંમત ત્રણ આના.

મનુમાલતી દુઃખદશંક નાટક પુણી કીમતે ૦।≈

તરેહ તરેહની ટોપીઓ, જેવી કે જરી કાગની, કાશ્મીરી ઝીકની, વીગેરે સસતી મળશે.

બુકસેલર પ્રાણજીવન હરખજી ભાવનગર.

૪૮૧૩

☞ તમામ જાતના પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર.

सारस्वत अने लूवाणा ने ब्रह्म क्षत्रीनी उत्पती.

સંગ્રહ કરનાર.

જોશી ભીખારામ શવજી કનૈયા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ઠકર.. મુળજી હરખજી વાઘાણી,

ભાવનગર.

આવૃતી પેહેલી પ્રત બે હજાર.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું

સને ૧૮૯૧ સંવત ૧૯૪૭,

કીંમત ત્રણ આના

બુકસેલર પ્રાણજીવન હરખજી ભાવનગર.

[illegible]

તરેહ તરેહની ટોપીઓ, સ્ટીલ રસી કાગળો, કારખાની ઓફની, વીગેરે સસ્તી મળશે.

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા આકર પ્રમાણે રજીસ્ટર કરાવેલ છે. તેથી કર્ત્તાની પરવાનગી શિવાય કોઈએ છાપવી યા છપાવવી નહી.

સારસ્વત, લૂવાણા, બ્રહ્મક્ષત્રીની ઉત્પતીસાર.

(મંગળાચર્ણ) ઈશ્વરસ્તુતિ.

ધનાશ્રીની ગઝલ.

(પુર્ણ થયો છે ખેલ, સજનો, પુર્ણ થયો છે ખેલ એ રાગ.)

ગહન ગતી છે અપાર, પ્રભુજીની, ગહન ગતી છે અપાર; ટેક.
દાનવ માનવ દેવ મુનીશ્વર, પામે ન તેનો પાર; પ્રભુ૦
શોક હરખ તણી વહે છે સરીતા, સુખ દુઃખ સહે સંસાર; પ્રભુ૦
"ભીખન" ભવજલ તારણ ભૂધર, સર્વની કરે સદા સાર; પ્રભુ૦

વંસંત તીલકા છંદ.

હે વીશ્વનાથ, વદું વાત વિનોદતાથી;
છે, સર્વના, સુખ દુઃખે હરનીશ સાથી.
તારી કૃપા થકિ, જીવે સહુ રંક રાણા;
શાંન્તી કરો, સદય સારસ્વતો લુવાણા.

શીખરીણી છંદ.

સદા દેવી સેવી, સરસ્વતિ નમું છું, વિનયથી;
અમારી છો માતા, અહરનિશ રક્ષા કર અતી.
અહીં તારી વીના, અવર નથિ કો ભૂતળ મધ્યે;
કરો શાંન્તી છાંયા, વન અમર વેલી જયમ વધે.

માલીની છંદ.

ગુણપતિ અતિ પૂજી, પ્રેમથી પાય લાગું;

હર દુઃખ હરનીશા, નમ્ર થૈ માફ માગું.
નમી નમી નમી નીત્યે, પૂજીએ પ્રેમ વાણી;
સુફળ કર અમારાં, કાર્ય આરંભજાણી.

દોહરો.

સારસ્વતો લોહાર પતી, બ્રહ્મ ક્ષત્રીની જાત;
"ભીખન" કહે છે ભાવથી, સુણો કથા ભલી ભાત.

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી શારદાયૈ નમઃ ॥ શ્રી ગુરૂભ્યો નમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥ અથ સારસ્વત બ્રાહ્મણની ઉત્પતીની કથા લખી છે ॥ વૈશંપાયન ઉવાચ ॥ વૈશંપાયન રૂષી કહે છે હે ભારત ! એટલે હે જનમેજય ! જે ઠેકાણે ચંદ્રમાએ રાજસૂ યજ્ઞ કરયો, અને તારકાસુર દૈત્ય સારૂ મ્હોટો સંગ્રામ થયો, તે તીર્થને વિશે બલદેવજી આવ્યા ॥ ૧ ॥ ને જળનો સ્પર્શ કરયો. તે બલદેવજી કેવા, पीतांबरधरंविष्णुंमेघवर्णंचतुर्भुजं ॥ प्रसन्नवदनंध्यायेत्सर्व विघ्नोपशांतये ॥ १ ॥ वैशंपायनउवाच ॥ यत्रेजिवानुडुपतीराजसूयेनभारत तस्मिंस्तीर्थमहानासीत्संग्रामस्तारकामयः ॥ १ ॥ तत्राप्युपस्पृश्यबलोदत्वादानानिचात्मवान् सारस्वतस्यधर्मात्मामुनेस्तीर्थंजगामह ॥ २ ॥ तत्रद्वादशवार्षिक्यामनावृष्टयांद्विजोत्तमान् वेदानध्यापयामासपुरा सारस्वतोमुनिः ॥ ३ ॥ जन्मेजयउ. ॥ कथंद्वादशवार्षि

क्यामनावृष्ट्यांद्विजोत्तमान् ॥

ધર્માત્મા અને આત્મવાન, એવા શ્રી બલદેવજીએ અનેક દાન આપ્યાં ને, સારસ્વત મુનીના તીર્થ પ્રત્યે ગયા ॥ ૨ ॥ તે સ્થળને વિષે પુર્વે બાર વરસ અનાવૃષ્ટિ કાળને વિષે ઉત્તમ બ્રાહ્મણોને સારસ્વત મુનિએ વેદ ભણાવ્યા ॥ ૩ ॥ જન્મેજય પુછે છે, જે બાર વરસ અનાવૃષ્ટિ કાળને વિષે ઉત્તમ બ્રાહ્મણોને વેદ કીએ પ્રકારે ભણાવ્યા, તે મુને કહો ॥ ૪ ॥ વૈશંપાયન રૂષી કહે છે હે મહારાજ ! પુર્વે દધીચ રૂષી હતા તે કેવા બુદ્ધિવાન, મહા તપસ્વી બ્રહ્મચા-

वेदानध्यापयामासपुरासारस्वतोमुनिः ॥४॥ वैशंपायनउ.॥ आसीत्पुर्वमहाराजमुनिर्द्धीमान्महातपाः ॥ दधीचइतिवि-ख्यातोब्रंह्मचारीजितेंद्रियः ॥ ५ ॥ तस्यातितपसः शक्रो बिभेतिसततंविभो नसलोभयितुंशक्यःफलैर्बहुविधैरपि॥६ प्रलोभनार्थंतस्याथप्राहिणोत्पाकशासनः दिव्यामप्सरसंपु-ण्यांदर्शनीयामलंबुपाम् ॥ ७ ॥ तस्यतर्पयतोदेवान्सरस्व त्यांमहात्मनः समीपतांमहाराजसोपातिष्ठतभामिनी ॥८॥

રી અને જિતેંદ્રિય હતા ॥ ૫ ॥ તેની અતિ તપશ્ચર્યા જોઇને ઇંદ્ર રાજા નિરંતર ભય પામીને બહુ પ્રકારના ફળે કરીને રૂષીને લોભમાં નાખે; પણ લોભમાં આવે નહીં ॥૬ તે મુનીને લોભમાં નાંખવા સારૂ ઈંદ્રે અલંબુસા નામની અપ્સરા મોકલી, તે અપ્સરા કેવી દીવ્ય ને પુણ્યકારી,

જોવા લાયક ॥ ૭ ॥ તે દધિચરૂષી મહાત્મા સરસ્વતીને વિષે તર્પણ કરતા હતા, તેની પાસે અપ્સરા આવીને ઉભી રહી ॥ ૮ ॥ તે દિવ્ય દેહવાળી અપ્સરાને જોઇને તે રૂષીને થાવાકાળ છે માટે વીર્ય પડયું, તે વીર્ય સરસ્વતીએ ગૃહણ કરયું ॥ ૯ ॥ હે જન્મેજય! સરસ્વતીએ પ્રસન્ન થઇને પુત્ર સારૂ તે વિર્ય કુખને વિષે ધારણ કરયું ॥ ૧૦ પછે સમય કાળે પુત્ર ઉત્પન્ન કરયો. નદીમાં શ્રેષ્ટ એવાં સરસ્વતી પુત્ર લઇને દધિચરૂષી પાસે ગયાં ॥ ૧૧ ॥ ને મુનિયોમાં શ્રેષ્ટ એવા દધિચ રૂષી રૂષીયોની સભામાં બેઠા; તેને જોઇને સરસ્વતીએ ઋષીને પુત્ર આપતાં છતાં બોલ્યાં ॥ ૧૨ ॥ હે બ્રહ્મ ઋષે ! આ તમારો પુત્ર, એને તમારી

तांदिव्यवपुषंदृष्ट्वातस्यर्षेर्भावितात्मनः रेतः स्कंन्नंसरस्वत्यांतत्साजग्राहनिम्नगा ॥ ९ ॥ कुक्षौचाप्यदधद्दृष्टातद्रेतःपुरुषर्षभ सादधारचतंगर्भपुत्रहेतोर्महानदी ॥१०॥ सुषुवेचाऽपिसमयेपुत्रंसासरितांवरा जगामपुत्रमादायतमृषिंप्रतिचप्रभो ॥ ११ ॥ ऋषिसंसादितंदृष्ट्वासानदीमुनिसत्तमं ततः प्रोवाचराजेंद्रददतीपुत्रमस्यतम् ॥ १२ ॥ ब्रह्मर्षेतत्रपुत्रोऽयंत्वद्भक्त्याधारितोमया ॥ दृष्ट्वातेऽशरसंरेतोयत्स्कन्नंप्रागलंबुषाम् ॥१३॥ तत्कुक्षिणावैब्रह्मर्षेत्वद्भक्तयाधृतवत्यहम् ॥

ભક્તિએ કરીને ધારણ કરયો. પુર્વે અલમબુષા અપ્સરાને જોઇને તમારૂં વીર્ય પડયું ॥ ૧૩ ॥ તે તમારી ભક્તિએ

કરીને મેં મારા પેટમાં ધારણ કર્યું તે તમારા તેજે ક-
રીને નાશ ન થયું ॥ ૧૪ ॥ એવો નિશ્ચય થયો મેં આપ્યો
એવો આ તમારો પુત્ર તેને તમે ગૃહણ કરો. એ પુત્ર અ-
નિંદિત છે. એવું સાંભળતાં તેને ગૃહણ કરયો તેથી ઘણી
પ્રીતી ઉત્પન્ન થઈ ॥ ૧૫ ॥ હે ભરત સત્તમ! મસ્તકને વિ-
ષે સુંઘતો એવો પોતાનો પુત્ર, તેને દધીચ ઋષી પ્રેમે ક-
રીને ઘણીકવાર સુધી મળ્યા. ॥ ૧૬ ॥ ને પ્રસન્ન થયા એવા
મહા મુની દધીચે સરસ્વતીને વરદાન આપ્યું. વિશ્વદેવા પિતૃ
ગંધર્વને અપ્સરાના ગણ ॥ ૧૭ ॥ હે સુભગે સરસ્વતી!
જે કોઈ તારા જળે કરીને તર્પણ કરશે તે તૃપ્ત થશે. એ
પ્રકારે કહીને વાણીએ કરીને મહા નદી જે સરસ્વતી, તેની
સ્તુતી કરી ॥ ૧૮ ॥ તે હું તને કહું તે સાંભળ. હે મહા-

नविनाशमिदंगच्छत्वत्तेजइतिनिश्चयात् ॥ १४ ॥ प्रतिगृ
ह्णष्वपुत्रंस्वंमयादत्तमनिंदितंइत्युक्तःप्रतिजग्राहप्रीतिंचावा
पपुष्कलाम् ॥ १५ ॥ स्वशुतंचाप्याजिघ्रत्तंमूर्ध्निप्रेम्णाद्वि
जोत्तमःपरिष्वज्यचिरंकालंतदाभरतसत्तम ॥ १६ ॥ सर-
स्वत्यैवरंप्रादात्प्रीयमाणोमहामुनिः विश्वेदेवाःसपितरोगंध
र्वाप्सरसांगणाः ॥ १७ ॥ तृप्तिंयास्यंतिसुभगेतर्प्यमाणा
स्तवांभसाइत्युक्त्वासतुतुष्टाववचोभिर्वैमहानदीम् ॥ १८ ॥
प्रीतःपरमहृष्टात्मायथातच्छृणुपार्थिव प्रस्तुतासिमहाभागेस

भेवी. હે સરસ્વતી! તમે બ્રહ્મસરથી ઉત્પન્ન થયાં છો ને

પરા નામ શ્રેષ્ટ છો ॥ ૧૯ ॥ વ્રત કરવાવાળા મુની તમને
નદીમાં શ્રેષ્ટ જાણે છે. મને પણ પ્રિય કરવાવાળાં, અને
નિરંતર પ્રિય દર્શન દેવાવાળાં ॥ ૨૦ ॥ હે વર વરણિંની તે
કારણુ માટે સારસ્વત નામા પુત્ર મ્હોટો ને તમારા નામે
કરીને પ્રખ્યાત, એવો તમારો પુત્ર લોકને ઉત્પન્ન કરનાવાળો
॥ ૨૧ ॥ મોટો તપસ્વી સારસ્વત નામે કરીને પ્રખ્યાત થશે.
એ પુત્ર બાર વરસની અનાવૃષ્ટી કાળને વિષે બ્રાહ્મણોને
॥ ૨૨ ॥ સારસ્વત નામા મહા ભાગ્યવાન વેદને ભણાવશે.
હે શુભે ! પુણ્યકારી જે નદીયો, તેમાં સદા પુણ્યકારી તમે
મ્હારા પ્રસાદથી થશો ॥ ૨૩ ॥ એ પ્રકારે કરીને દધીચ

रसोब्रह्मणःपरा ॥ १९ ॥ जानंतित्वांसरिच्छ्रेष्टामुनयःशं
सितव्रताः ममाप्रियकरीचापिसततंप्रियदर्शने ॥ २० ॥ त
स्मात्सारस्वतःपुत्रोमहांस्तेवरवर्णिनितवैवनाम्नाप्रथितः पुत्र
स्तेलोकभावनः ॥२१ ॥ सारस्वइतिख्यातोभविष्यतिमहा-
तपाःएषद्वादशवार्षिक्यामनावृष्टयांद्विजर्षभान् ॥ २२ ॥
सारस्वतोमहाभागोवेदानध्यापयिष्यति ॥ पुण्याभ्यश्चस-
रिभ्द्यंस्त्वंसदापुण्यतमाशुभे ॥ २३ ॥ भविष्यसिमहाभा
गेमत्प्रसादात्सरस्वति एवंसासंस्तुतातेनवरंलब्ध्वामहानदी

ઋષીએ સ્તુતિ કરીને વરદાન પ્રાપ્ત થયું એવાં જે સરસ્વ-
તી તે પુત્ર લઈને હરખ પામીને ગયાં ॥ ૨૪ ॥ હે ભરત-
ર્શભ ! હે જનમેજય ! એ કાળને વિષે દેવ દાનવને વિરૂદ્ધ

થયો ॥ ૨૫ ॥ અને ઇંદ્ર આયુધ ગોતવા સારૂ ત્રણ લોકને વિષે ફર્યા, પણ ઇંદ્રને આયુધ જડયું નહી ॥ ૨૬ ॥ દૈતને મારવા સારૂ તેને યોગ્ય એવાં આયુધ જડ્યાં નહીં. પછે દેવતા પ્રત્યે ઇંદ્ર બોલ્યા કે અસુરને મારવાને હું સમર્થ નથી ॥ ૨૭ ॥ દધીચ ઋષીના અસ્તી વિના દૈતને મારવાને હું સમર્થ નથી. તે સારૂ હે દેવતાઓ! તમે શ્રેષ્ટ ઋષી એવા જે દધીચ તેની પાસે જાઓ, ને યાચના કરો ॥૨૮॥ હે દધીચ! તમારાં અસ્તી આપો. તેણે કરીને અમે અમારા શત્રૂને મારીએ એ પ્રમાણે દેવતાએ યાચના કરી, પછી દધીચ ઋષીએ યત્ને કરીને ॥ ૨૯ ॥ હે કુરૂશ્રેષ્ટ!

॥ २४ ॥ पुत्रमादायमुदिताजगामभरतर्षभ एतस्मिन्नेवकाले तु विरोधोदेवदानवैः ॥ २५ ॥ शक्रःप्रहरणांन्वेषीलोकांस्त्रीन्विचचारह नचोपलेभेमगवान्शक्रःप्रहरणंतदा २६ यद्वैतेषांभवेद्योम्यवधायाविबुधाद्विषाम् ततोऽब्रवीत्सुरान्शक्रोनमेशक्यांमहासुराः ॥ २७ ॥ ऋतेस्थिभिर्दधीचस्यनिहंतुंत्रिदशाद्विषःतस्माद्गत्वाऋषिश्रेष्टोयाच्यतांसुरसत्तमा २८ दधीचास्थीनिदेहीतितैर्वधिष्यामहेरिपून् सचतैर्याचितोऽस्थीनियत्नद्दषिवरस्तथा ॥ २९ ॥प्राणत्यागंकुरुश्रेष्ठचका

દધીચ ઋષીએ કાંઈએ વિચાર ન કરતાં પ્રાણ ત્યાગ કર્યો. દેવ ઋષીમાં શ્રેષ્ટ એવા જે દધીચ ઋષી અક્ષય લોકને પ્રાપ્ત થયા ॥ ૩૦ ॥ તે પછી ઇંદ્ર પ્રસન્ન થયા, ને તેના આ-

સ્તીએ કરીને નાના પ્રકારના આયુધ કરાવ્યાં ॥ ૩૧ ॥ વજ્ર ચક્ર ગદા અને મ્હોટા ને ઝાઝા એવા દંડ કરાવ્યા. પ્રજાપતીના' પુત્ર શ્રેષ્ટ ઋષી જે દધીચ તેણે તપશ્ચર્યાએ કરીને દેહ ધારણ કરી ॥ ૩૨ ॥ લોકને ભાવના કરવાવાળા જે ભૃગુ, તેણે લોકસાર તેજસ્વી અને અતીકાય એવું વજ્ર નિર્માણ કર્યું ॥ ૩૩ ॥ અને પર્વતના ગુરૂને મ્હોટા મહિમાયે કરીને વિખ્યાતને સમર્થ એવા ઋષીના તેજ થકી ઈંદ્ર રોજ ભય પામે ॥ ૩૪ ॥ ને ઇંદ્ર દધીચ ઋષીના અસ્તીએ કરીને ઉત્પન્ન થયું એવું જે વજ્ર મંત્ર યુક્ત બ્રહ્મ તેજે કરીને ઉત્પન્ન થએલું તેણે કરીને ॥ ૩૫ ॥ દઈતને

रैवाविचारयन् ॥सलोकानक्षयान्प्राप्तोदेवर्षिप्रवरस्तदा ३० तस्यास्थिभिरथोशक्रःसंप्रहृष्टमनास्तदा कारयामासादिव्यानिनानाप्रहरणानिच ॥ ३१ ॥ वज्राणिचक्राणिगदांगुरून्दंडांश्चपुष्कलान् साहितीव्रेणतपसासंवृत्तःपरमार्षिणा ॥ ३२॥ प्रजापातिसुतेनाथभृगुणालोकभाविना आतिकायः सतेजस्वीलोकसारोविनिर्मितः ॥ ३३ ॥ जज्ञेशैलगुरुःप्राशुर्महिम्नाप्रथितःप्रभुःनित्यमुद्विजतेचास्यतेजसःपाकशासन ॥ ३४ ॥तेनवज्रेणभगवान्मंत्रयुक्तेनभारतविचुक्रोशविसृ-

દાનવના જે વીર તે ૮૧૦, માર્યા અને મ્હોટો શબ્દ કર્યો. તે પછી મ્હોટો ભયંકાર કાળ આવ્યો. હે રાજંન! બાર વરસ અનાવૃષ્ટી કાળ પ્રાપ્ત થયો, તે અનાવૃષ્ટી કાળમેં

વિષે મ્હોટા ઋષીએ ॥ ૩૭ ॥ વૃત્તીને અર્થે અને ક્ષુધાએ કરીને પીડિત એવા જે ઋષી તે નાસવા લાગ્યા. દિશાઓ-માં જાતા એવા ઋષીઓને જોઇને સારસ્વત નામા મુની ॥ ૩૮ ॥ એ જાવાનો વિચાર કર્યો તે પ્રત્યે સરસ્વતી બોલ્યાં હે પુત્ર ! તું ઈહાંથી જાઈશ નહીં. તારા અહાર સારૂ હું રોજ મત્સ આપીશ ॥ ૩૯ ॥ હે ભારત ! એ પ્રકારે કહ્યું પછે તે સારસ્વત ઋષીએ પિત્ર દેવતાનું તર્પણ કરવા માંડયું ॥ ૪૦ ॥ રોજ અહાર કરીને પ્રાણને અને વેદને ધારણ કરે ॥ તે ઉપરાંત અનાવૃષ્ટી કાળ થઈ રહ્યા પછે મોટા ઋષીઓ ॥ ૪૧ ॥ પરસ્પર વેદ કારણને માટે પુછવા લાગ્યા.

ष्टेनब्रह्मतेजोद्भवेनच ॥ ३५ ॥ दैत्यदानववीराणांजघानन वतोर्नव अथकालेव्यतिक्रांतेमहत्पतिभयंकरे ॥ ३६ ॥ अ नावृष्टिरनुप्राप्ताराजन्द्वादशवार्षिकी तस्यांद्वादशवार्षिक्या मनावृष्ट्यांमहर्षयः ॥३७॥ वृत्यर्थंप्राद्रवन्राजन्क्षुधार्ताः सर्वतोदिशम् दिग्भ्यस्तान्प्रद्रुतान्दृष्ट्वामुनिःसारस्वतस्तदा ॥ ३८ ॥ गमनायमतिंचक्रेतंप्रोवाचसरस्वती नगंतव्यमि-तःपुत्रतवाहारमहंसदा ॥ ३९ ॥ दास्यामिमत्स्यप्रवरा-नुष्यताभिहभारत इत्युक्तंस्तर्पयामाससापिह्यन्देवतास्तथा

ક્ષુધાએ કરીને પીડિત દિશાઓમાં દોડતા એવા ઋષીયો તેના વેદ નાશ થયા ॥ ૪૨ ॥ હે જનમેજય ! કોઈ ઋષીને વેદનું ભાન ન રહ્યું તેમાં કોઈ એક મુની સારસ્વત મુની

પાસે આવ્યો ॥ ૪૩ ॥ તે સારસ્વત મુની વેદ ભણે તેને અતી કાંત્તીવાન જોઈને તે ઋષીયો પાસે જઈને કહ્યું ॥૪૪॥ કે સારસ્વત મુની વેદનો પાઠ કરે છે, ને અમર જેવા નિ-રજન વનમાં એટલે જે ઠેકાણે કોઈ માણુસ નથી એવા વનમાં વેદનો પાઠ કરે છે. તે પછી જે મોટા ઋષીઓ સરવે તે આશ્રમમાં આવ્યા ॥ ૪૫ ॥ તે આશ્રમમાં આ-વીને સારસ્વત મુની પ્રત્યે એવે પ્રકારે બોલ્યા કે અમોને વેદ ભણાવો ॥ ત્યારે સારસ્વત મુની ઋષી પ્રત્યે બોલ્યા ॥ ૪૬ ॥ કે વિધિ પ્રમાણે મ્હારા શિષ્ય થાઓ તો વેદ

॥ ४० ॥ आहारमकरोन्नित्यंप्राणान्वेदांश्चधारयत्अथत स्यामनावृष्टयामतीतायांमहर्षयः ॥ ४१ ॥ अन्योन्यंपरि पप्रच्छुःपुनःस्वाध्यायकारणात् ॥ तेषांक्षुधापरीतानांनष्टा वेदाभिधावताम् ॥ ४२ ॥ सर्वेषामेवराजेंद्रनकश्चित्प्रति मानवान् अथकश्चिदृषिस्तेषांसारस्वतमुपेयिवान् ॥४३॥ कुर्वाणंसंशितात्मानंस्वाध्यायमृषिसत्तमम्सगत्वाचष्टतेभ्य श्चसारस्वतमतिप्रभम् ॥ ४४ ॥ स्वाध्यायममरप्रख्यंकुर्वा णंविजनेवने ततःसर्वेसमाजग्मुस्तत्रराजन्महर्षयः ॥ ४५ ॥

ભણાવું તે પછે મુનીના ગણ બોલ્યા, કે હે પુત્ર તમે બા-લક છો ॥ ૪૭ ॥ વળી તે મુની પ્રત્યે સારસ્વત મુની બો-લ્યા જે મ્હારા ધર્મનો નાશ ન થાય. જે અધર્મે કરીને બોલે ને અધર્મ કરીને ગ્રહણ કરે ॥ ૪૮ ॥ એ ગુરૂ શિષ્ય

બેઉ નાશ પામો. અથવા પરસ્પર વૈરી થાઓ ॥ વરશે કરીને, વૃદ્ધપણાએ કરીને, ધને કરીને, ને બંધુએ કરીને ॥ ૪૯ ॥ પણ મોટાપણું નહીં. જે વિદ્વાન સાંગોપાંગ વેદ જાણે તે મ્હોટો. એ પ્રકારે ઋષીએ ધર્મ કર્યા છે. એવું સાંભળીને વિદ્યાને કરીને મુનીઓ શિષ્ય થયા ॥ ૫૦ ॥ તે સારસ્વત મુની થકી વેદને પ્રાપ્ત થયા. ને વળી પાછું ધર્મનું આચરણ કરવા મંડ્યું સારસ્વત મુનીના ૬૦,૦૦૦ સાઠ હજાર શિષ્ય વેદ ભણવા સારૂ શિષ્ય થયા ॥ ૫૧ ॥

सारस्वतंमुनिश्रेष्ठमिदमूचुःसमागताः अस्मानध्यापयस्वेतितानुवाचततोमुनिः ॥ ४६ ॥ शिष्यत्वमुपगच्छध्वंविधिवद्धिममेत्फततत्राऽब्रुवन्मुनिगणाबालस्त्वमसिपुत्रक ॥ ४७ ॥ सतानाहनमेधर्मोनश्येदितिपुनमुनीन्योह्यधर्मेणवैब्रूयात्गृह्णीयाद्योप्यधर्मतः ॥ ४८ ॥ हीयेतांतावुभौक्षिप्रंस्यातांवावैरिणावुभौ नहायनैर्नपलितैर्नवित्तेननबंधुभिः ॥ ४९ ॥ ऋषयश्चक्रिरेधर्मंयोऽनूचानःसनोमहान्एतच्छ्रुत्वावचस्तस्यनमु

ને મુઠી મુઠી દર્ભ સારસ્વત મુનીના આસન સારૂ લાવ્યા. સારસ્વત મુની બાલક છે, તોપણ તેને વશ થયા ॥ ૫૨ ॥ રોહિણીજીના પુત્ર શ્રી બળદેવજી જે મહા બળવાન અને શ્રી કૃષ્ણના મ્હોટા ભાઈ તેણે તે સારસ્વત મુનીના આશ્રમમાં ધનનું દાન કરીને અને પ્રસન્ન થઈને ક્રમે કરીને વૃદ્ધકન્યાનું જે તિર્થ તે ઠેકાણે ગયા ॥ ૫૩ ॥

॥ ઈતી શ્રીમન્ મહા ભારતે ગદા પર્વણી બલદેવ તીર્થ યાત્રાયાં સારસ્વતોપાખ્યાને ગુર્જર ભાષાયાં દ્વાવિં- શોઽધ્યાયઃ ॥ २२ ॥

नेयस्तोविधानतः ॥९०॥ तस्माद्वेदाननुप्राप्यपुनर्धर्मप्रचक्रि रे षष्टिर्मुनिसहस्त्राणिशिष्यत्वंप्रतिपेदिरे ॥ ९१ ॥ सारस्व तस्यविप्रर्षेर्वेदस्वाध्यायकारणात् मुष्टिंमुष्टिंततःसर्वेदर्भाणां तेह्युपाहरन्तस्यासनार्थंविप्रर्षेर्बालस्यापिवशेस्थिताः॥९२॥ तत्रापिदत्वावसुरौहिणेयोमहाबलःकेशवपूर्वजोऽथजगाम तीर्थमुदितःक्रमेणख्यातंमहद्वृद्धकन्यास्मयत्र ॥ ९३ ॥

॥ इतिसमाप्तः॥

इतिश्रीमन्महाभारतेगदापर्वणिबलदेवतीर्थयात्रायांसा रस्वतोपाख्यानेद्वाविंशोऽध्यायसमाप्तः ॥२॥ ॥श्रीरस्तु॥

શ્લોક ૩૩ નો અર્થ કેટલાએક એમ કરે છે. લોકને ભાવ ન કરવાવારા જે ભૃગુ તેને અતિ કાયને તેજસ્વીને બોકસાર એવો દેહ નિર્માણ કર્યો. અને કેટલાએક એમ કહે છે જે વૃત્રાસુર નિર્માણ કર્યો અને કેટલાએક વજર નિર્માણ કર્યો એમ કહે છે.

अथद्वितीयप्रकरणप्रारंभः ॥ स्कंदउवाच ॥ ब्राह्मणादश धाःप्रोक्ताःपंचगौडाश्चद्राविडाः ॥ तेषांसर्वेषांचोत्पत्तिंक थयस्वसविस्तरं ॥ ४४ ॥ महादेवउवाच ॥ द्राविडाश्चैवते

लंगाकर्नाटामध्यदेशगाः ॥ गुर्जराश्चैवपंचैतेद्राविडाःपंचक
थ्यते ॥ ४५ ॥ सारस्वताःकान्यकुब्जाउत्कलामैथिलाश्च
ये ॥ गौडाश्चपंचधाश्चैवदशविप्राःप्रकीर्तिताः ॥ ४६ ॥
ब्राह्मणादशधाश्चैवमहर्षीणांकुलोद्भवाः ॥ देशदेशविधाचा
राद्यैतैर्विस्तारितामही ॥ ४७ ॥ त्रिहोत्राद्याग्निवैश्याश्चका
न्यकुब्जाःकनोजयाः ॥ मैत्रायणाःपंचविधाएतेगौडाःप्रकी
र्तिताः ॥ ४८ ॥ सर्वेषांब्रह्मगायत्रीवेदकर्मयथाविधि ॥ षट्
कर्मविधियुक्ताश्चनात्रकार्याविचारणा ॥ ४९ ॥ भोज्याश्च
भोजनीयाश्चसर्वदेशेषुब्राह्मणाः ॥ ५० ॥ ॥ भृगुरुवाच ॥
॥ जातकर्मादिभिर्यस्तुसंस्कारैःसंस्मृतःशुचिःवेदाध्ययनसंप
न्नःषट्सूकर्मस्ववास्थितः ॥ १ ॥ शौचाचाररतःसम्यक्विद्य
यातिगुरुप्रियः ॥ नित्यंव्रतीसत्यपरःसवैब्राह्मणउच्यते॥२॥
गर्भाधानंपुंसवनंसीमंतोबलिरेवच ॥ ३ ॥ जातकृत्यंनामक
र्मनिष्क्रनोन्नाशनंपरं ॥ चौलकर्मोपनयनंतद्व्रतानांचतुष्टयं
॥ ४ ॥ स्नानोद्वाहौचाग्रयणमष्टकाचयथातथा ॥ श्राव
ण्यामाश्वयुज्यांचमार्गशीर्षेचपार्वणं ॥ ५ ॥ उत्सर्गश्चाप्यु
पाकर्ममहायज्ञाश्चनित्यशः ॥ संस्काराश्चयथाह्येतेब्राह्मण
स्यविशेषतः ॥ ६ ॥ स्वेस्वेगृह्येयथाप्रोक्तास्तथासंस्कृतयो

खिला: ॥ कर्तव्याभूतिकामेननान्यथासिद्धिमृच्छति ॥७॥
यजनंयाजनंदानंब्राह्मणस्यप्रतिगृह: ॥ अध्यापनंचाध्ययनं
षट्कर्माणिद्विजोत्तमा: ॥ ८ ॥ सूर्येस्ताशिखरंप्राप्तेतीर्थंग
त्वाथवागृहं ॥ सायंसंध्यामुपासीतधौतांघ्रि:सपवित्रक:
॥ ९ ॥ य:प्रमादान्नकुर्वीतसायसंध्यांद्विजाधम: ॥ सगो
वधमवाप्नोतिमृतेरौरवमाप्नुयात् ॥ १० ॥ कदाचित्काल
लोपेपिसंकटेवापाथिस्थित: ॥ आनिशीथात्प्रकुर्वीतसायंसं
ध्यांद्विजोत्तम: ॥ ११ ॥ यस्तुसंध्यामुपासीतश्रद्धयाविधिव
द्विज: ॥ नतस्यकिंचिद्दुष्प्रापंत्रिषुलोकेषुविद्यते ॥१२॥

દોહરો.

પ્રથમ ભાગ પૂરણ થયો, રચીયા સુંદર રાગ;
"ભીખન કહે છે ભાવથી", વાંચો દ્વિતિય વિભાગ.

વિભાગ બીજો.

બ્રહ્મક્ષત્રીની ઉત્પતી;

आरंभ क्षत्री उत्पती.

श्लोक.

एतस्मिन्नंतरेकाले, क्षत्रियाणांक्षयेतदा;
सूर्यवंसोद्भवोराजा, सौरवृत्तपरायण: ॥१८॥

रामस्यचभयात्पुर्वे, रत्नसेनोमहीपती;
स्थितोसौगुप्तरुपेण, भार्यापंचकसंयुत. ॥१७॥
रामबाणभयोद्विज्ञो, नगरस्थानतोग्रहात;
वीश्वकामतदाकष्टात, सींधुसौवीरकाधीय ॥१८॥
चंद्रास्यापद्मीनीपद्मा, सुकुमाराकुशावती;
भार्यास्ताहेमगर्भाभा, गर्भेणसहीतास्तदा,—

શ્રીહીંગુલ પુરાણમાંથી.

નૈ નીશારણ્યને વીષે રૂષીયો સુત પ્રત્યે કહે છે.

શ્લોક ના અર્થ;

પરશુરામે નક્ષત્રી પૃથ્વી કરી ત્યારે બાર બાળકો નાસી ગયા તેમાંથી પશ્ચીમ દેશનો સુર્યવંશી રાજા રત્નસેન પરશુરામના ભયથી પોતાની પાંચ સ્ત્રીઓ, સગર્ભા, ચંદ્રમુખી, પદ્મણી, પદ્મા. સુકુમાર, કુશાવતી, એ પાંચે લઈ સીંધુ દેશમાં નાસી ગયો ત્યાં પણ પરશુરામ આવવાના ખબર સાંભળી રત્નસેન દધીચના આશ્રમ પાસે ગયો ત્યાં તેની પાંચે સ્ત્રીઓને પાંચ બાળકો અવતર્યાં, જયસેન, બીંદુમાન, વીશાળસીંહ, ચંદ્રશાળ, ભરત, એવા પાંચ પુત્રનો જન્મ થયો તે સર્વે હકીકત નીચે પ્રમાણે સાંભળો.

દોહરો.

"ભીખન" કહે છે ભાવથી, કહું કથા વિસ્તાર;
દોષ મુક્ત કરી દુરને, સજ્જન લેશો સાર.

કલ્યાણ.

સુણો યથામતી, છે શાસ્ત્રની કૃતી;
બ્રહ્મ ક્ષત્રીની હવે, કહું છું ઉત્પતી.
ઈશ્નુંનો અવતાર સાતમો, જોઈ અનીતી તમામ;
બ્રાહ્મણની રક્ષા કરવા, પ્રટયા પરશુરામ;
દક્ષીણમાંથી ડાટ વાળીયો, કરી મહા સંગ્રામ,
નક્ષત્રી કરતા આવ્યાછે, પશ્ચીમ પરશુરામ;

રત્નસેન પશ્ચીમનો રાજા, આવ્યો સીંધુ દેશ;
પ્રીયા પાંચ લઈ ગર્ભવંતીયો, વેઠે ગુપ્ત વિદેશ;
પરશુરામનું નામ સાંભળી, તનમાં ઉપજે ત્રાસ.
શું થાશે હે સારીંગ પ્રાણી, કહી મુકે નીશ્વાસ.

દોહરો.

પરશુરામ ફરતાવળી, આવ્યા સીંધુ દેશ;
ફાળ પડી પશ્ચીમ પતી, નામ સુંણીને નરેશ.
ગંગા ત્રટકે સરસ્વતી, નીસરૂં લઈને નાર:
એક રૂષી આશ્રમ વીના, અવર નથી આધાર.
પછી તીહાંથી ચાલીને, રૂષી આશ્રમે જાય;
દધીચ આવું દેખતાં, દયા આવી દીલમાંય.
ગર્ભવંતી હે નાર સૌ, કોણ તમે કહો વાત;
સંભળાવો સરવે બીના, કેમ થયો ઉત્પાત.

પાંચે સ્રીયો— સહીયર દુઃખ શું દાખવું એ રાગ.

રૂષી સુંણો રજમાત્ર હે, કહીયે સત્ય કથાય;
બાર બાળક સૌ નાસી ગયાં, નક્ષત્રી ધરા માંય.
પશ્ચીમ દેશના પુરપતી છૈએ પાંચે આ નાર;
બીક ધરી બધે આથડયાં, મોટા વન મોઝાર;
ગર્ભવંતી અમને ઘણું, દેહે પ્રગટે છે દુઃખ.
સીમા ન આવી હે સૂખની, માટે કરમાણાં મુખ;
કોઈ રૂષી જો મદદ કરી, રાખે આશ્રમ માંય.
કરશું અનીતી ન કોઈ દી, જપ શું શ્રીજદુરાય;

દધીચ રૂષી—[દયા આવવાથી.]–રાગ ક્ષલી કલંકનો.

આવો મારા આશ્રમની માંય,
હે શોક તજો સ્રીયો તમેરે;
મમ પુત્રી બરાબર આંય,
હું રાખું તમને જેમ ગમેરે. ટેક.
રહે રત્ન સેન ભુપાળ; હે શોક.
પાછો વાળું આવે કદી કાળ. હું રાખું.
નારી નીર્ભય રહોને આ ઠામ; હે શોક.

અહીં કોઈ ન લેશે નામ. હું રાખું.
કોઈ આશ્રમથી નહી જશો બાર. હે શોક.
સુખ શાંન્તીથી રહોને આઠાર. હું રાખું.

દોહરો.

રૂષી તણે આશ્રમ રહ્યા, મન રાખી મજબુત;
પ્રીયા પાંચને પાંચ ત્યાં, પ્રસવ થયા છે પુત.
રત્નસેન રૂદયા મહીં, રતી ફરી છે રાય;
ધરયું ધનુષ મૃગ દેખીને, ભુલો પડયો વનમાંય.
પરશુરામ ભેટયા તહીં, માર્યો તેને ઠાર;
રત્નસેન રણ ઢાળીયો પડયો કરી પુકાર.
વખત ગયો ત્યાં વીનતા; વદે મૂખ થકી વાત;
પાંચ પુત્ર પ્રત્યે વદી, ગયા કયાંય તમ તાત.
ભોજન વખતે ભૂપતી, કદી ન ખોટી થાય;
કરો તપાસ રૂષી અરે, જમણ વખત આ જાય;
દધીચે દશવીશ શીષ્યને, કહ્યું કરોને તપાસ.
ગયા સર્વ જંગલ વિશે, નજરે દેખી લાશ,
ગોષ્ટી કહી ગુરૂ કને, દધીચ ગયા વન દ્વાર.
લાશ ઉચકી લાવીયા, આશ્રમની મોઝાર;
પાંચે સ્રીયો લાશને જોઈને.

(હુડાજી શું કરો સહાસ આ (એ રાગ.)

પાંચે સ્રીયો— **(દધીચ પ્રત્યે.)**

સતી થઈએ અમે સ્વામી સંગાતે, વારન કરો લગારીરે;
ચોંપે ખડકોને કાષ્ટની ચીત્તા, પડીયે પાંચે નારી રે.
પતી તે માર્યા છે પરશુરામે, વછવો થયો આ વારીરે;
અગ્ની લાવો ને પાસ અમારી, જવાળા કરીએ જારીરે.

દધીચ રૂષી—(મેં તો શાજાદેકું હુંઢત ચલીયાં રે એ રાગ.

સુણો પુત્રીયો પાંચ હે મારી રે,
આત્મ હત્યાનું પાપ ન લેશો. ટેક.
બનવા કાળે બની ગયુ છે, કોઈની ફાવે ન કારી રે;
માટે ત્યાગો નહીં પ્રાણ તમારા, ટળવળે પુત્ર આવારીરે.
પાળી પોશીને મોટા કરોને, ધરાપતી મન ધારીરે.

પાંચે સ્રીયો—માઢ (મારા પંથીરામ પ્રણામ એ રાગ.)

હે દધીચ કરો દરીયાફરે, શું છે ધર્મ સતીનો;
આ કાળજા પડીયો કાપરે, પ્રાણ ગયો પતીનો.
આ આશ્રમમાં આવે ઓચીંતા, પરશુરામ કદાય;
પાંચે પુત્રાને મારી નાખે, એ જોયું કેમ જાય.
માટે રૂષીજી મરવું સારૂં, નીશ્ચે કરયું સૌ નાર;
પાંચે બાળક આ તમને ભળે છે, જાળવજો આ વાર.

દધીચ— હરીગીત છંદ (સોરઠની ગઝલ.)

એ પાંચે મારાં પ્રાણ છે, હે પુત્રીયો મન જાણજો;
આ જીવ સાટે પાંચ જણ છે, અંદેશો નવ આણજો.
નીર્ભય રહો સૌ નાર, કાળ હઠાવું પાછો હું સદા;
કદી મારૂં માથું જાય ત્યાં સુધી, કરૂં રક્ષા સર્વદા.

(પાંચે સ્રીયો સતી થઇ બળી મરે છે એટલે)

પાંચે પુત્રો— આશા ગોડી.

માત રઝળતા ન મેલો માયાળુ હે, માત રઝળતા ન મેલો,
પીતા અમારા મરણજ પામ્યા, મધ્ય દરીયે નહી હેલો;
માયાળુ હે માત રઝળતા ન મેલો.
દધીચ રૂષી છે મોટા દયાળુ, શું કરો મેળાપ, છેલો. મા૦
અવર નથી આધાર અમારો, હાથ ગ્રહી હડશેલો: મા૦
માત પીતાની વગર મહીતળ, મોત નીશાની નાખેલો, મા૦

દધીચ રૂષી દીલાસો આપે છે.

દધીચ— [ફુલ ન જાએ પરાયા બાગમાં એ)

શીશ કપાએ માહરૂં હે, તમને જે દુઃખ થાય;
શાંન્તી હે શીષ્ય રાખજો, તજો દીલગીર દીલની માંય;
મરણ જરણ સંસાર છે, માટે છોડો શોક,
કોનાં માતને તાત છે, સ્વર્ગ મૃત્યુ ત્રીલોક,
જીવ સગો નથી જાણજો, કાયા કેરો કદાય.
છોડી ચાલ્યો જાય છે, સોચ તજોને સદાય,

પછી સમજાવી ઉતર ક્રીયા કરાવી બ્રહ્મ કર્મ દર્ભ-ચ ભણાવે છે એટલામાં ફરતા ફરતા પરશુરામ ત્યાં આવ્યા અને પુત્રો તરફ નજર કરે છે ત્યાં પરશુરામની દ્રષ્ટી

પેલા પાંચ પુત્રો સામી ગઇ તે જોઈ.

પરશુરામ—[દધીચ રૂષી પ્રત્યે) બનઝારો.

એ રૂષી વદૂં તમ આગે, આ ક્ષત્રી બાળ મને લાગે,
હું સાર લઉછું ચુટી, જોઈ કંપે મારી બુટી.
રૂષી અસત્ય વચનો ત્યાગે, આ ક્ષત્રી૦
હું આવ્યો આશ્રમમાં એ, વદો સત્ય વાત રૂષીરાએ,
ભણકારા ભીતર વાગે, આ ક્ષત્રી૦

દધીચરૂષી— ધનાશ્રીની ગઝલ.

રૂશી તણા છે બાળ નકી જાણો, રૂષી તણાં એ બાળ ટેક
બ્રહ્મ વીદ્યાના મંત્ર ભણે છે, કરે સંધ્યા ત્રીકાળ, નકી૦
છોડો સંદેહ, એ ચીત થકી તમે, થયો છે મધ્યાન કાળ. નકી૦
સ્નાન કરી તમે આવોને સત્વર, લાવીએ ભોજન થાળ. નકી૦

પરશુરામ નહાવા ગયા એટલે દધીચે પાંચેના ગળામાં જનોઈ નાખી માથે હાથ મુકયો કે તમે કોઇ જાતથી ગભરાશો નહીં ને રૂષીના પુત્ર છો એમ ઠરાવ્યુ છે માટે પરીક્ષા બ્રહ્મ કર્મની ખુશી થઇ આપજો. પરશુરામ આવ્યા ત્યારે દધીચે જાણ્યું જે વહેમ કાઢવો માટે પરશુરામની દેખતાં એક મોટું કેળનું પાન મંગાવ્યું અને સર્વેને સાથે ભોજન કરવા, બેસાર્યા ને વચમાં લીટા તાણ્યો.

श्लोक.

एतावद्दुगतावचनं, आनीयकदलीदलं;
अंगुष्टेनान्तरेरेखा, कृताअवधीकारीणा.

આ જોઇ પરશુરામનો વહેમ મટયો જે આ ક્ષત્રી પુત્ર નથી પછી બ્રહ્મ કર્મની પરીક્ષા લઇ જયસેનની માગણી કરી ત્યારે દધીચે કહ્યુ કે ખુશીથી ધનુર્વેદ ભણાવો તમને ભળે છે પછી ત્યાંથી ચાલી નીસરી પરશુરામ જયસેનને લઈને પ્રભાસ ગયા ત્યારે જયસેનને પોતાનાં બાણ સોંપી તેના ખોળામાં માથું રાખી પરશુરામે સુતી વ-

ખતે કહ્યું કે મને નીંદ્રામાંથી જગાડીશ નહીં પુરી નીં-
દ્રા થવા દેજે એમ કહી નીંદ્રાવશ થઈ ગયા પછી ધનુરવેદ
અજમાવવા માટે જયસેને ત્રણ બાણ પરશુરામનાં હતાં
તે વીધા અજમાવવા ટંકારવ કર્યો ત્યાં દશ દીગપાળ અને
ઇંદ્રાસન ડોલવા માંડયું અને ઈંદ્ર ભય પામ્યો. એટલામાં
નારદ આવ્યા તેને ઈંદ્રે પૂછયું ત્યારે જવાબ આપ્યો જે
પરશુરામનો શીશ જયસેન રત્નસેનનો પુત્ર તેણે પ્રભાસને
વીશે વીધા અજમાવવા આ કામ કર્યું છે.

श्लोक.

अथर्वर्णाददधिचेश्च, वेदाःसांगाःसमुत्रकाः ।
आधीतास्तेनदेवेंद्र, दधीचेश्चप्रसादतः ॥

ઈંદ્ર ભમરાનું સ્વરૂપ લઈને જયસેનની જાંઘા ફાડીને
રૂધીર કાઢયું તે રૂધીર પરશુરામના કાનપર પડવાથી જા-
ગી ઉઠયા પછી કહ્યું કે આ રૂધીર ક્ષત્રીનું એમ જાણી
કોપાયમાન થયા તે જોઈ જયસેન તેના ચરણમાં પડયો
ત્યારે દધીચનો બોલ યાદ લાવી બોલ્યા કે હું તને મારતો
નથી પણ તેં બ્રહ્મ કર્મનું અધ્યયન ક્ષત્રી બચ્ચો થઈ ક-
ર્યું માટે તું બ્રહ્મક્ષત્રી છો, [1] પણ તને શ્રાપ આપુછું
કે તારી વીધા અફળ છે અને તું બ્રહ્મ કર્મ ભણ્યો માટે
છોડી મુકુ છું પછી ત્યાંથી જયસેન ગંડકી નદીને કાંઠે
ગૌતમ રૂષીના આશ્રમ પાસે વીધાહીન થવાથી દેહનો
ત્યાગ કરવા જાય છે પછી ગૌતમ તેને સમજાવી તમામ
હકીકત પુછીને દધીચને આશ્રમે પહોચાડે છે પછી પાંચે
ભાઈઓએ ઋષીની પ્રાર્થના કરી ત્યારે ઋષી કહે તમે ગોર
ધારો એટલે તમારા વીઘ્ન નાશ થશે ત્યારે સારસ્વતને
પ્રોહીતપણું સોંપ્યું અને દધીચ કહે તમે હીંગલાદ્રી મા-

श्लोक.

१ ब्रह्मक्षत्रीनाम्नाही, वीचरस्ययथासुखम्;
इतीरामस्यताच्छापं, श्रुत्वाचजयसेनक;

તાને કુળદેવી સ્થાપો જેથી તમારૂ કલ્યાણ થશે પછી ઋ-
ષી પાસેથી મંત્ર [1] લઈ હીંગલાદ જઈ બાર વર્ષે મા-
તા પ્રસંન્ન થયા પછી પોતાના દેશમાં ગયા.

સારસ્વત બ્રાહ્મણની અવટંક.

દોહરા.

ક્રિતા, કલ્યાણી, કાનજા, કટીરીયા કુરચંદ;
કેશવર્મને, કાકુવા, કાવડી કચરા મંદ. ૧
કતીરા, કૂકા, કનૈયા, કરડા કુલીન અનંત;
ખીરા, ખીલણુ, ખટરીયા, ગાવડીયા ગુણવંત. ૨
ગુનખાસા ખાપર અને, નીશ્ચે જાણો નાગ,
ચઠની, કોમે ચાવડા, ચાબણ, અતી સુભાગ. ૩
ચાચ કાણી ચઠ મંદરા, જાસ જગુ જક્ષવાન;
ટીપરીયા, ટેવાણીને, ઢંકણ ધીરજવાન. ૪
ધરદે, ને ધંધણ, ધિકા, દયાવંત દીલદાર;
ધલધલીયા, ધોલીયા અને, ધંધ જરીયા, મનધાર. ૫
પસા, પુજારા, પદ્મકા, પાંધી, પંડયા, જાણ;
પરશોતમ, પુરખા અને, પીયર ઉત્તમ પ્રમાણ. ૬
બોડા, બોધી, બ્રહ્મને, બીજલ બાવનવીર;
બહુ જાણ, બળભદ્રને, પ્રલ્હોરા, ધરધીર. ૭
ભૂરા, માંડણ, ભંભરા, ભલા વળી ભટ સાર;
માખણ, મક્કમ, મોહરા, માણીક મંગરાધાર. ૮
રાવલીયા, ને, રીસકા, રતેશર, રજ જાણ;
રાજરથ, અને રાડીયા, લાલો પૌત્ર લખાણ. ૯
લહેર, લચ્છા, લૂણીને, લઢા, વાગવીદાર;
વાંકાણી, વસુદેવને, વાજસાર, નીરધાર. ૧૦
વાસુદેવ મંદ્રાવળી, વીરીયા, વારૂ, વ્યાસ;

---

१ ओंहींगुलेपरमहींगुले, अमृतरूपीणीसदा;
तनुशक्तिमनःशीवे, श्रीहींगुलायैनमः ॥

શેતપાળ, શીવ, સુંપરને, સુબીયા મંદ સુવાસ. ૧૧
સોનપાળ ને સુડીવા, સોસ ભોજ સૂજાંણુ;
સનસ અને છે સાયલા, પ્રીતે કહ્યું પ્રમાણુ. ૧૨
હરીયા માણુક હરનીશા, ઉદિચ્ય, એન, સદાય;
હર્ષણુવાયા અવીર સૌ, યજુર વેદ કહેવાય. ૧૩
છન્નું વળ સારસ્વત તણી, કહી કથા હરગીશ;
"ભીખન" કહે છે ભાવથી, અવીચળ રાખો ઈશ. ૧૪

લુવાણાની ઉત્પતી.

ધણાક વીદ્વાનો પાસેથી એમ નક્કી થયું કે દધીચ રૂષીના આશ્રમથી બાળકો નીસર્યા ત્યારે તેને પરશુરામ મળ્યા તે ક્ષત્રી બાળ જાણી લડાઈ કરી ત્યાં પીરની જગો હતી પછી લોઢાનો ગઢ બંધાઈ ગયો તે જોઇ પરશુરામ ચાલ્યા ગયા અને સરસ ભોમી છે તેમ ગણી લોહરગઢ વસાવ્યું તે ઉપરથી લોહાણી ઉપરથી લુવાણા કહેવાણા આ શેહેર પંજાબમાં લાહોર નામે રવીન દીને કીનારે હાલ પણ છે.

સમાપ્ત.

સુચના.

આ પુસ્તકમાં જોશી તરભોવન દયારામ તથા ભાઈ કરશનજી ધોળાભાઈએ પુરતી મદદ કરી છે માટે તેનો ઘણાંજ માન સાથે ઉપકાર માનું છું.

જોશી સખારામ શવજી કૈયા

ભાવનગર.

જાહેર ખબર.

જોશી ભીખારામ શવજીનાં રચેલાં નીચે પ્રમાણે પુસ્તકો મીસ્રી પીતાંબરદાસ વસ્તાભાઈની મીલમાં પ્રીય ભાઈ હરીભાઇ ધનજીભાઈ વીગેરેને પુછવાથી મળશે.

સોનગઢ સ્ટેશનનું વર્ણન, પુનર્લગ્ન વીશે નીબંધ, ધર્મદર્પણ, ગુણસાગર નાટક, ગોપીચંદ નાટક, પૃથુરાજ ચુહાણ આખુ નાટક અને ગાયન, સીધરાજ જયસીંહ આખુ નાટક અને ગાયન, ભરથરી નાટકનાં ગાયન, દીવાળી લધુચંદનું ફારસ, અભેસીંહ માનસીંહ નાટક, વીજળી-વીલાપ, ગૌરક્ષક ગાયન, હરીપ્રસાદ વીરહ, સદેવંત શાવલીંગાના ઓપેરા, ઉદેપુરના રાણા રાજસીંહ ગાયન, ભાવનગરની રચના, શુરવીર જયમલ ગાયન, શ્રી કૃષ્ણવીલાસ ગાયન, રાસલીલા નાટક, રાણીકદેવીનાં ગાયન; ભાવનગરની આગનો દેખાવ ગાયન રૂપી અને સારસ્વત બ્રાહ્મણોની ઉત્પત્તી.

લી० જોશી ભીખારામ શવજી કનૈયા

ભાવનગર અંબાજીના વડ તળે.